# શ્રી ગિરિરાજધાર્યષ્ટકમ્

## ઈન્દ્રવજા-છંદ

ભકતાભિલાષા-ચરિતાનુસારી,
દુગ્ધાદિચૌર્યેણ યશોવિસારી.
કુમારતાનંદિત ઘોષનારી,
મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી. ૧

નિજભક્તની ઈચ્છાને અનુસરનારા, બાલ લીલામાં દૂધ વગેરેની ચોરી કરીને યશનો વિસ્તાર કરનારા, વ્રજ વનિતાઓને આનંદ પમાડનારા એવા ગિરિરાજધારી શ્રીકૃષ્ણ એ જ મારા પ્રભુ છે. (૧)

વ્રજાંગનાવૃંદ સદા વિહારી,
અંગૈર્ગૃહાગાર તમોપહારી.
ક્રીડારસાવેશ તમોભિસારી,
મમ પ્રભુઃશ્રીગિરિરાજધારી. ૨

વ્રજની ગોપીઓના યૂથમાં હંમેશા વિહાર કરનારા,શ્રીઅંગના તેજથી ઘરના આંગણાના અંધકારને દૂર કરનારા, રાસક્રીડાના રસના આવેશથી અજ્ઞાનને હરવાવાળા એવા ગિરિરાજધારી શ્રીકૃષ્ણ એ જ મારા પ્રભુ છે. (૨)

વેણુસ્વના નંદિત પન્નગારી,
રસાતલા નૃત્ય પદ પ્રચારી.
ક્રીડન્ વયસ્યાકૃતિદૈત્યમારી,
મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી. ૩



વેણુનાદથી મયૂરોને નચાવનારા,રસાતલમાં પણ નૃત્ય પદને પ્રસારનારા,ક્રીડામાં જ વત્સાસુર દૈત્યનો સંહાર કરનારા એવા ગિરિરાજધારી શ્રીકૃષ્ણ એ જ મારા પ્રભુ છે. (૩)

પુલિંદદારાહિત શંબરારી,
રમાસ દોદાર દયા પ્રકારી.
ગોવર્ધને કંદ ફલોપહારી,
મમ પ્રભુઃશ્રીગિરિરાજધારી. ૪

પુલિંદીઓના હિતને માટે શંબર નામના દૈત્યને મારનારા, લક્ષ્મીજી ઉપર સદા પરમ દયા કરનારા,ગોવર્ધનપર્વતમાં કંદ અને ફળોને આરોગનારા એવા ગિરિરાજધારી શ્રીકૃષ્ણ એ જ મારા પ્રભુ છે. (૪)

કલિંદ જાકૂલ દુકૂલહારી,
કુમારિકા કામ કલાવિતારી.
વૃંદાવને ગોધન વૃંદચારી,
મમ પ્રભુઃશ્રીગિરિરાજધારી. ૫

શ્રીયમુનાજીના તીર ઉપર કુમારિકાઓના ચીરને હરનારા, તેમને કામ કલાપૂર્વક મનોરથોનું દાન કરનારા,વૃંદાવનમાં ગાયોના વૃંદમાં ફરનારા એવા ગિરિરાજધારી શ્રીકૃષ્ણ એ જ મારા પ્રભુ છે. (૫)

વ્રજેંદ્ર સર્વાધિક શર્મકારી,
મહેન્દ્ર ગર્વાધિક ગર્વહારી.
વૃંદાવને કંદ ફલોપહારી,
મમ પ્રભુઃશ્રીગિરિરાજધારી. ૬



શ્રી નંદરાયજીનું સર્વથી અધિક કલ્યાણ કરનારા,ઈન્દ્રના પરમ ગર્વને દૂર કરનારા, વૃંદાવનમાં કંદ અને ફળોને આરોગનારા એવા ગિરિરાજધારી શ્રી કૃષ્ણ એ જ મારા પ્રભુ છે. (૬)

મનઃ કલાનાથ તમો વિદારી,
વંશીરવાકારિત તત્ કુમારી.
રાસોત્સવો દ્રેલ્લરસાબ્ધિસારી,
મમ પ્રભુઃશ્રીગિરિરાજધારી. ૭

મનમાં રહેલા અજ્ઞાનરૂપ અંધકારને દૂર કરનાર ચંદ્ર જેવા, બંસીના સ્વરથી વ્રજ કુમારિકાઓને બોલાવનારા, રાસ મહોત્સવમાં ઊછળી રહેલ રસસાગરમાં વિહાર કરતા એવા ગિરિરાજધારી શ્રીકૃષ્ણ એજ મારા પ્રભુ છે. (૭)

મત્ત દ્વિપોદ્દ્દા મગતાનુકારી,
લુંઠત્ પ્રસૂના પ્રપદીનહારી.
રામોરસ સ્પર્શકર પ્રસારી,
મમ પ્રભુઃ શ્રીગિરિરાજધારી. ૮

ઉન્મત ગજેન્દ્રના સરખી ચાલ ચાલનારા, પગની પાની સુધી ઝૂકી રહેલ પુષ્પોના દિવ્ય હારવાળા,લક્ષ્મીજીના વૃક્ષઃસ્થલ ઉપર સ્પર્શ કરવા માટે પોતાના કરકમલને લંબાવી રહેલા એવા ગિરિરાજધારી શ્રીકૃષ્ણ એ જ મારા પ્રભુ છે. (૮)

એ પ્રમાણે શ્રી વલ્લભાચાર્ય વિરચિત 'શ્રી ગિરિરાજધાર્યષ્ટક' સંપૂર્ણ થયું.